ગાંધીનગરમાં અકસ્માતોની જાણે કે વણઝાર જામી હોય. એક અકસ્માતમાં કાર અને સ્કુટર વચ્ચે થયેલા અકસ્માતમાં ગાડીના આગળના કાચ તૂટી ગયા હતા જ્યારે સ્કૂટરને પણ નુકસાન પહોંચ્યું હતું.

મતદાર યાદી જાહેર જનતા માટે મુકવા મહામંડળની રજૂઆત

સેક્ટરોના મતદારો યાદીમાં નામની ચોકસાઈ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા કલેક્ટરને રજૂઆત

ગાંધીનગર, તા. ૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે મતદારોને જરૂરી ચોકસાઈ કરવા માટે પ્રત્યેક સુવિધા કેન્દ્રો ખાતે જાહેર જનતા માટે મતદારયાદી મુકવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરવા રજૂઆત કરવામાં આવી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે જિલ્લા કલેકટર પી. સ્વરૂપ સમક્ષ રજૂઆતમાં જણાવ્યા અનુસાર વિધાનસભા-૨૦૧૨ની ચૂંટણી નજીકમાંછે ત્યારે મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તેમના નામ મતદાર યાદીમાં છે કે કેમ ? તેની ચકાસણી કરવાનું અનિવાર્ય બન્યું છે. આ ઉપરાંત મતદાર ઓળખ કાર્ડમાં કોઈ ક્ષતિ હોય તો તે પણ દૂર કરવાનું જરૂરી છે. મહામંડળ દ્વારા હાથ ધરાયેલ મતદાતા જાગૃતિ અભિયાન અન્વયે મતદારોને મતદાન પૂર્વે આખરી યાદીને ચકાસણી કરવાની વ્યવસ્થા ઉપલબ્ધ થાય તેવી ગોઠવણ કરવા જણાવાયું છે. સેક્ટરોની યાદીમાં મતદારોને પોતાનું નામ જોવા અને ચોકસાઈ કરવાની વ્યવસ્થા સંદર્ભે રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત ફોટો ઓળખકાર્ડમાં ફેરફાર જરૂરી હોય તે માટે પણ ચૂંટણી તંત્ર દ્વારા વ્યવસ્થા ગોઠવી હોવાનું તેમણે જણાવ્યું છે. મહામંડળના પદાધિકારી સુધીર દેસાઈ તેમજ મયુર વ્યાસે પણ આ તબક્કે આપણા ઉમેદવારને ઓળખો' કાર્યક્રમ સંદર્ભે જિલ્લા ચૂંટણીતંત્રને રજૂઆત કરી હતી. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પણ ખાસ માહિતી કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યું છે. મતદારોને ચૂંટણીતંત્રની વ્યવસ્થાનો લાભ લેવા પણ મહામંડળે અપીલ કરી છે.

પ નવેમ્બરથી ધો-૧૧ વિ. પ્રવાહના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા લેવાશે

૨૪ કેન્દ્રો પર પરીક્ષાની કાર્યવાહી, ૫૩૪૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

ગાંધીનગર, તા.૨

આગામી તા. ૫ નવેમ્બરથી ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષાનો પ્રારંભ થશે. જિલ્લામાં ૨૪ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. જિલ્લામાંથી ૫૩૪૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

નવરાત્રિ પૂર્ણ થયા બાદ તુરંત જ પરીક્ષાની મૌસમ શરૂ થઈ ગઈ છે. ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહના ત્રીજા સમેસ્ટરની પરીક્ષા અંતિમ તબક્કામાં છે. જ્યારે આગામી તા. ૫ થી ૧૦ નવેમ્બર દરમિયાન ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહના પ્રથમ-સેમેસ્ટરની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર તંત્ર કક્ષાએથી પરીક્ષાલક્ષી તૈયારી પૂર્ણ કરી દેવાઈ છે. પરીક્ષાનો સમય સવારે ૧૧ થી ૧.૩૦ કલાકનો રહેશે. ગાંધીનગરમાં ૧૭ કેન્દ્ર અને ૨૦૪ બ્લોક તેમજ ચાંદખેડામાં ૩ પરીક્ષા કેન્દ્રો અને ૩૨ બ્લોકમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. આ ઉપરાંત કલોલના અને માણસાના ચાર કેન્દ્રો સહિત જિલ્લામાં કુલ ૨૭૨ બ્લોકમાં પરીક્ષા લેવાશે. શહેરમાંથી ૪૦૬૦ ચાંદખેડામાંથી ૬૦૮, કલોલમાંથી ૪૧ તેમજ માણસામાંથી ૨૬૨ સહિત કુલ ૫૩૪૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષા દરમિયાન ગેરરીતી અટકાવવા સ્થાનિક સ્કવોર્ડની ટીમ રાઉન્ડ લેશે. પરીક્ષા દરમિયાન સેન્ટરો આસપાસના ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા ઉપરાંત બોર્ડના તમામ નિયમોનું ચુસ્તપાલન કરવામાં આવશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

દારૂ ઢીંચીને ભટકાતા વાહન ચાલકોને પકડવા ખાસ ઝુંબેશ

દિવાળીથી થર્ટી ફર્સ્ટ સુધી બ્રીધ એનેલાઈઝરથી ટ્રાફીક પોલીસ વાહનચાલકોને ચેક કરશે

ગાંધીનગર, તા. ૨

માર્ગ અકસ્માતોના બનાવોને નોંતરતા દારૂડીયા વાહનચાલકોને પકડવા ખાસ ઝુંબેશ ટ્રાફીક પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે. ટ્રાફીક પોલીસની ટીમ હાઈવે પર તથા શહેરના આંતરીક રસ્તાઓ પર કોઈ પણ સમયે આકસ્મિક આવીને ઉભી રહી જશે અને બ્રીધ એનેલાઈઝર દ્વારા વાહન ચાલકોને ઉભા રાખી ટેસ્ટ કરશે. દારૂનું સેવન કરીને ફરતા વાહનચાલકોનો ટેસ્ટ પોઝીટીવ દેખાશે જેથી પોલીસ તેના વિરૂદ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરશે. ઉલ્લેખનીય છે કે તહેવારોમાં દારૂનો નશો કરીને વાહનચાલકો વધુ ફરતા હોવાનું ધ્યાન પર આવતા દિવાળીથી થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર સુધી આ કામગીરીને સઘન બનાવાશે.

દારૂ ઢીંચીને વાહન ચલાવતા વાહનચાલકોની હવે ખેર નથી. માર્ગો પર થતા અકસ્માતના બનાવોમાં મોટાભાગે નશીલા પદાર્થનું સેવન કરીને કરાતુ ડ્રાઈવીંગ જવાબદાર છે. જેના કારણે કેટલાય માસુમોએ જીવ ગુમાવ્યા છે. જેને પગલે ગાંધીનગર જિલ્લા ટ્રાફીક પોલીસ દ્વારા આજથી એક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. તેમની એક ટીમ મોબાઈલ વાનમાં બ્રીધ એનેલાઈઝર મશીન સાથે હાઈવે તથા શહેરના માર્ગો પર ફરશે. કોઈ પણ રોડ પર આ ટીમ ઉભી રહી જશે અને વાહનચાલકોને ઉભા રાખીને બ્રીધ એનેલાઈઝરથી ચેક કરશે કે તે દારૂના નશામાં છે કે કેમ ? જો વાહનચાલકોના કરેલો ટેસ્ટ મશીનમાં પોઝીટીવ આવે તો તેના વિરૂદ્ધમાં પ્રોહીબીશનનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તહેવારોમાં મૌજ કરવા માટે યુવાનો દારૂ ઢીંચી-ઢીંચીને વાહન ચલાવતા હોય છે. જેથી આજ થી જ દિવાળીને અનુલક્ષીને ટ્રાફીક પોલીસે ઝુંબેશ શરૂ કરી દીધી છે. જે છેક થર્ટીફર્સ્ટ ડીસેમ્બર સુધી ચાલશે તેમ ટ્રાફીક પી.આઈ. વાય. આર. ગામીતે જણાવ્યું છે.

ચાલુ વર્ષે બ્રીધ એનેલાઈઝરથી ૩૫૦૦ વાહન ચાલકોના ટેસ્ટ કર્યા..!

ટ્રાફીક પોલીસની ટીમે બ્રીધ એનેલાઈઝરથી ચાલુ વર્ષે અત્યાર સુધી ૩૫૦૦ થી વધુ વાહનોના ચાલકોના ટેસ્ટ કર્યા હતા. જે પૈકી ૧૧ વાહનચાલકો દારૂ પીધેલી હાલતમાં ઝડપાઈ ગયા હતા. તે તમામ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

ફૂટબોલ ટૂર્નામેન્ટના ખેલાડીઓની પસંદગી ૪થીએ યોજાઇ

ગાંધીનગર, તા. ૨

રાજયકક્ષાની બાલારામ ક્ષત્રિય મેમોરીયલ ટ્રોફી અંડર-૧૭, ફૂટબોલ ટૂર્નામેન્ટનું આયોજન ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોસિએશન દ્વારા આગામી દિવસોમાં કરવામાં આવનાર છે. આ સંદર્ભે ગાંધીનગર જિલ્લાની ફૂટબોલની એન્ટ્રી મોકલવાની હોઈ ગાંધીનગરના ફૂટબોલ પ્રેમીઓનું સ્કેચ સીલેકશન તા. ૪થી નવેમ્બર-૨૦૧૨ને રવિવારે સવારે ૮ કલાકે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે યોજાશે.

ગાંધીનગરના ફૂટબોલ ખેલાડીઓએ ૪થીએ જન્મના અસલ પ્રમાણપત્ર તથા ૪ ફોટા સાથે હાજર રહેશે. ગાંધીનગર જિલ્લા ફૂટબોલ એસોસિએશનના પ્રમુખના જણાવ્યા મુજબ સમગ્ર ટૂર્નામેન્ટની ટીમમાં તા. ૧લી જાન્યુઆરી-૧૯૯૫ અને ત્યારબાદ જન્મેલા ખેલાડીઓ જ અન્ડર-૧૭ ફૂટબોલ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. તો રસ ધરાવતા ખેલાડીઓએ ખાસ હાજર રહેવું.

પાટના કુવાના તુળજા ભવાની મંદિરનું ભક્તિ કાર્યક્રમમાં પ્રસારણ થતા ગ્રામજનોમાં ખુશીનો માહોલ

ગાંધીનગર, તા. ૨

દહેગામ તાલુકાના પાટનાકુવા ગામે આવેલ સુપ્રસિદ્ધ તુળજાભવાની મદંરનું ટીવી-૯ના ભક્તિ કાર્યક્રમમાં આજે સવારે પ્રસારણ કરવામાંઆવતા ગ્રામજનોમાં આનંદની લાગણી છવાઈ હતી. પાટનાકુવા ગામે ૪૦૦ વર્ષપુરાણુ સ્વયંભુ તુળજા ભવાનીનું મદંરિ આવેલું છે. મંદિર દિન પ્રતિદિન શ્રદ્ધાનું કેન્દ્ર બનતુંજાય છે. આજુબાજુના ગ્રામજનો વાર-તહેવારે માતાજીના દર્શનાર્થેઆવે છે. મંદિર પરિસર ભક્તોથી છલકાય છે. ટી.વી.૯ દ્વારા ભક્તિ કાર્યક્રમ માટે મંદિરનું કવરેજ કરવામાં આવ્યું હતું. જેમાં તુળજા ભવાનીનો મહિમા અને ઈતિહાસની ગાથા દર્શાવી હતી. આજે ટીવી-૯માં પ્રસારણ થતા ગ્રામજનોમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી.

તલવલકર્સ હેલ્થ ક્લબ ગાંધીનગર શાખાનો ગુજરાતમાં પ્રથમ ક્રમ

ગાંધીનગર, તા. ૨

ફીટનેસ માટે વિશ્વસ્તરીય સુવિધાઓ ધરાવતી તલવલકર્સ ગૃપ હેલ્થ ક્લબની ગાંધીનગર શાખાએ ગુજરાતમાં આવેલી તલવલકર્સ ગૃપની અન્ય તમામ શાખાઓમાં પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો છે. ગાંધીનગરના શાખા મેનેજર ડૉ. પ્રણવસિંહ પરમાર અને ફીટનેસ મેનેજર ડૉ. ધવલ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, તલવલકર્સ હેલ્થ ક્લબના સભ્યોના સંતોષકારક પ્રતિભાવ, કાર્યક્ષમતા, નેતૃત્વ અને વહીવટી તથા કર્મચારીઓની કુશળતાના તમામ માપદંડોમાં ગાંધીનગરની શાખા સમગ્ર રાજ્યમાં પ્રથમ રહી છે.

તલવલકર્સ હેલ્થ ક્લબની ગાંધીનગર શાખાની આ સફળતા તાજેતરમાં 'ગૌરવ ધબકાર' કાર્યક્રમ સ્વરૂપે ઉજવવામાં આવી હતી. શરદપૂનમની પૂર્વસંધ્યાએ તલવલકર્સ હેલ્થ ક્લબ ખાતે ખુશી અને ગૌરવની ઉજવણી રૂપે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ સભ્યો અને આમંત્રિત મહેમાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આંતર વિભાગીય ક્રિકેટ મેચમાં આરોગ્ય વિભાગની ટીમનો ૯૮ રને ભવ્ય વિજય

ગાંધીનગર, તા.૨

આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટ અંતર્ગત આજે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ વચ્ચે રમાયેલી ક્રિકેટ મેચમાં ૯૮ રને આરોગ્ય વિભાગની ટીમનો વિજય થયો હતો.

આ આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં આરોગ્ય વિભાગની ટીમે પહેલા બેટીંગ લીધી હતી જેમાં વિપુલ પ્રજાપતિએ ૪૬ રન બનાવ્યા હતા અને ૨૧ રનમાં ૪ વિકેટ ઝડપી મેન ઓફ ધ મેચ પણ બન્યા હતા. જ્યારે અજય પટેલે ૬૬ રન બનાવી એક વિકેટ, દિપક પરમારે ૨૨ રનમાં ૩ વિકેટ, અશોક રાઠોડે ૧૮ રનમાં ૨ વિકેટ અને દિગંત બારોટે ૨૭ રન ફટકાર્યા હતા અને કુલ ૨૦૩ સ્કોર નોંધાવ્યો હતો. આરોગ્ય ટીમના જંગી સ્કોરનો પીછો કરવા ઉતરેલી રમત ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગની ટીમના આશિષે ૨૫ રન, જયંત પટેલે ૨૧ રન સાથે આખી ટીમ ૧૧૧ રને ઓલ આઉટ થઈ ગઈ હતી. કેપ્ટન મૌલિક પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્યની ટીમનો ભવ્ય વિજય થતા મેનેજર દીપક પટેલ અને આરોગ્ય વિભાગની ટીમે તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના દિપોત્સવી અંકનું ૪થીએ વિમોચન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ 'પેન્શનર પ્રદાન'ના નવેમ્બર-ડિસેમ્બર માસનો 'દિપોત્સવી અંક' ૪થીએ પ્રસિદ્ધ કરશે. અંકમાં શહેરના સુપ્રસિદ્ધ સાહિત્યકારોના ઉત્તમ વૈવિધ્યપૂર્ણ સાહિત્યનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પેન્શનર પ્રદાનના દિપોત્સવી અંકનું વિમોચન તા. ૪થી નવેમ્બરે બપોરે ૪ કલાકે સેકટર-૭-ડી, ચૌધરી માધ્યમિક શાળાના હોલમાં યોજાશે. આ પ્રસંગે ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્તભાઈ જ્હા, સેકટર-૨ના બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલયના ભાવનાદીદી, મેઘાદીદી તથા ચૌધરી માધ્યમિક શાળાના ટ્રસ્ટી ભૂપતભાઈ ભૂતડીયા ખાસ હાજર રહેશે. કાર્યક્રમમાં સંસ્થાના પદાધિકારીઓ, કાર્યવાહક સમિતના સભ્યો, સેકટરના પ્રતિનિધિઓ, પેન્શનર પરિવારજનો તથા આમંત્રિતોને કાર્યક્રમ સફળ બનાવવા અવશ્ય ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ એસ.ડી.આર. મલિકે ખાસ જણાવ્યું છે.

શ્રી નંદકુંવરબા બાલાશ્રમ ખાતે યોજાશે સ્વૈચ્છિક સંસ્થાઓની તાલીમ

ગાંધીનગર, તા.૨

સેવા અને સંસ્કૃતિનાં ધામ તરીકેની ઓળખ ધરાવતા ભાવનગર શહેરની કેટલીક સ્વૈચ્છીક સંસ્થાઓનાં નેટવર્કિંગનાં ઉપક્રમે આગામી તારીખ ૩ નવેમ્બરે કાર્યકર તાલીમ યોજવામાં આવશે.

ગુજરાતને મહાજન પરંપરા આપનાર ભાવનગરની સ્વૈચ્છિક સંસ્થાઓ છેલ્લા ૭૨-૭૫ વર્ષથી સમાજ ઉપયોગી કામમાં નિસ્વાર્થ ભાવે પ્રવૃત્ત છે.

ભાવનગરનાં સામાજીક વિકાસનાં પ્રશ્નોને એકત્ર સ્વરૂપે સમજવા અને વિકાસ માટે સંકલિત પ્રયત્નોના આ પ્રયત્નનાં બીજા તબક્કામાં નંદકુંવરબા બાલાશ્રમ ખાતે તારીખ ૩ નવેમ્બરે સવારે ૧૦.૩૦ થી ૪.૩૦ દરમિયાન કાર્યકર તાલીમ યોજાશે. જેમાં રાજય સ્તરે નેટવર્કિંગ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ જનપથનાં મંત્રી તથા ડૉ. મયંક જોષી તેમજ હેમાણી માર્ગદર્શન આપશે. બદલાતા માહોલમાં પણ ભાવનગરની ઓળખ એવી સ્વૈચ્છિક સંસ્થાઓને કાર્યાન્વિત રાખવાનાં પ્રયત્નમાં અનંતભાઈ શાહ, પ્રદિપસિંહ ગોહિલ, સંજયભાઈ દેસાઈ, ગીરીશભાઈ શાહ સક્રિય રીતે પ્રવૃત્ત છે.

આજે રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨

દિવ્ય જીવન જ્ઞાનપર્વ પરિષદ નિમિત્તે દિવ્ય જીવન સંઘ ગાંધીનગર શાખા દ્વારા આજે તા. ૩જી નવેમ્બર-૨૦૧૨ને શનિવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન બલરામ મંદિર પરિસર, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે રક્તદાન શિબિર યોજાશે. રક્તદાન સિબિરમાં ઉપસ્થિત રહી રક્તદાન કરવા આયોજકોએ ખાસ અનુરોધ કર્યો છે.

આજથી મેલડી માતાજીના મંદિરે ત્રિ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર-માણસા રોડ પરની રાંધેજા ચોકડી પાસેના ટાટા શો રૂમની સામેના મેલડી માતાજી મંદિરનો શતચંડી મહાયજ્ઞ તથા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આજે તા. ૩જી નવેમ્બરથી પમી નવેમ્બર દરમિયાન યોજાશે.

મેલડી માતાજીના મંદિરમાં મૂર્તિના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત શતચંડી મહાયજ્ઞનો શુભારંભ આજે સવારે ૮ કલાકે થશે. યજ્ઞના આચાર્ય તરીકે ભરતકુમાર ઉપાધ્યાય ખાસ હાજર રહેશે. દ્વિતીય દિવસે સવારે ૯.૧૫ કલાકે શોભાયાત્રા રમણભાઈ પટેલના નિવાસસ્થાને પ્રયાણ કરશે. રાત્રે ૮ કલાકે ભજન સંધ્યા યોજાશે તથા તૃતીય દિવસે બપોરે ૧૨.૩૯ કલાકે પ્રાણ પ્રતિષ્ઠા અને સાંજે ૪.૩૦ કલાકે પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાશે. માતાજીના આ ભવ્ય કાર્યક્રમમાં ભકતજનો ખાસ હાજરી આપી કાર્યક્રમ સફળ બનાવશે.

પંચદેવ મંદિર ખાતે ૪થીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨માં આવેલા પંચદેવ મંદિરના નીલકંઠ શાસ્ત્રીજીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, કારતક સુદ પૂનમ, દેવ દિવાળી અને દિપોત્સવી નિમિત્તે પંચદેવ મંદિર ખાતે તા. ૪થી નવેમ્બર-૨૦૧૨ને રવિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. બેઠકમાં દિપોત્સવ સમિતિની રચના કરવાની હોવાથી સૌ સજ્જન બંધુઓને ભકતોને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

અંધશ્રદ્ધા અને વહેમ જાગૃતિ કાર્યક્રમ ૪થીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨

રેશનલ સમાજ ગાંધીનગરના ઉપક્રમે જાહેર જનતાના હિતાર્થે સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા, વહેમો, કુરીવાજો અને કહેવાતા ચમત્કારો અંગેની માન્યતાઓનો પર્દાફાસ કરતો જાહેર કાર્યક્રમ તા. ૪થી નવેમ્બરને રવિવારે સાંજે ૪.૩૦ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર, સેક્ટર-૨૩ ગાંધીનગર ખાતે યોજાશે.

આ જાહેર કાર્યક્રમમાં ગુજરાતના જાણીતા રેશનાલીસ્ટ ચતુરભાઈ ચૌહાણ અને નિસર્ગ સાયન્સ સેન્ટરના નિયામક અનિલભાઈ પટેલ ખાતે ખાસ ઉપસ્થિત રહેશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૬
સૂર્યાસ્ત : ૬.૦૧

તાપમાન

મહત્તમ : ૩૨.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૯.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૨ ટકા ● સાંજે ૩૬ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫.૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
સ્કાયફલ (હિન્દી) : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ચક્રવ્યૂહ : ૧૧.૧૫
ઓહ! માય ગોડ : ૨.૦૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૪.૩૦
અજબ ગજબ લવ : ૭.૧૫
લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૦૦, ૩.૦૦, ૭.૧૫
અતા પતા લાપતા : ૧૨.૩૦
સન ઓફ રામ : ૫.૩૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૯.૪૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
સ્કાયફલ : ૮.૧૫, ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
સ્કાયફ્લ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૯.૦૦, ૨.૦૦, ૭.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૧.૧૫
લવ સવ તેય ચીકન ખુરાન : ૪.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
લવ સવ તેય ચીકન ખુરાન : ૯.૦૦, ૧૧.૩૦, ૭.૩૦
ઓહ માય ગૉડ : ૨.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૪.૪૫
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સ્કાયફ્લ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ચક્રવ્યૂહ : ૧૦.૪૫, ૪.૩૦, ૧૦.૦૦
અજબ ગજબ લવ : ૨.૦૦
રશ : ૭.૩૦

ચિરાગ, કલોલ

હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થશે. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે. વ્યપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.

વૃષભ : દૈનિક, વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો થશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

મિથુન : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ આવી શકે છે. વ્યાપાર-વ્યવસાય પર ધ્યાન આપો. પ્રયત્નોમાં અસફળતાથી નિરાશાત્મક વિચારોને દૂર રાખો.

કર્ક : નવા આર્થિક સ્ત્રોતો પર કાર્ય થશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે. ઉપહાર મળી શકે છે.

સિંહ : ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે. જોખમના કાર્યથી બચવું જોઈએ. કૌટુંબિક સમસ્યાની ચિંતા રહેશે. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

કન્યા : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લ

તુલા : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન થઈ શકે છે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ.

વૃશ્ચિક : શુભ માંગલિક કાર્યોનો યોગ. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે. વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

ધન : કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે. ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે.

મકર : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ બની રહ્યો છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે.

કુંભ : ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો. કાર્યની ગતિ બનાવી રાખો. જોખમના કાર્યથી બચવું.

મીન : વ્યપાર સારો ચાલશે. સાહસનો લાભ મળશે. પ્રયાસ સાર્થક થશે. પૂર્વમાં કરેલ કાર્યોનું ફળ મળવાની શક્યતા છે.

ચિરવિદાય

- સ્વ. સવિતાબેન નરઘેરામ પંચાલ (ઉ.વ. ૭૬) પ્રતાપનગર, મુ.પો. મકાખાડ, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. જયેશભાઈ ભુપેન્દ્રભાઈ અમી (ઉ.વ. ૪૨) આશ્રમરોડ, ગોધરા.
- સ્વ. બુધાજી ડાહ્યાજી ઠાકોર (ઉ.વ. ૪૦) રામપુરા, મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.